# અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની યાદી જણાવે છે કે રાજ્યની ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનાં આવેદનપત્રો માર્ચ-૨૦૧૩ ની પરીક્ષા માટે ભરવાની કામગીરી પૂર્ણ થયેલ છે. આ ફોર્મ ભરવાની છેલ્લી તા. ૧૦/૧૧/૨૦૧૨ હતી. તે શાળાઓનાં આચાર્યશ્રીઓ અને વિદ્યાર્થી-વાલીઓની રજૂઆતો ધ્યાને લઇ તા. ૩૧/૧૨/૨૦૧૨ સુધી લંબાવવામાં આવે છે. જે વિદ્યાર્થીઓને ધોરણ-૧૨ સામાન્યપ્રવાહનાં નિયમિત, રીપીટર, પૃથક વગેરે પરીક્ષા માટે ફોર્મ ભરવા હોય તેઓએ શાળા મારફતે આવેદનપત્રો ભરીને રૂ.૩૫૦/- લેઇટ ફી અને બાકીની જરૂરી ફી સાથે તા. ૩૧/૧૨/૨૦૧૨ સુધીમાં ભરી દેવાનાં રહેશે. જેની રાજ્યની તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાનાં આચાર્યશ્રીઓએ નોંધ લેવા વિનંતી છે. અને બાકી રહેલ વિદ્યાર્થીઓને જાણ કરી સમય મર્યાદામાં ફોર્મ રજૂ કરવા માર્ગદર્શન/સહકાર આપવા વિનંતી છે.

તા.: 30/૧૧/૨૦૧૨.
સ્થળ : ગાંધીનગર.

પરીક્ષા સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

D:\kaila-sir\akhbari.doc